





વર્ણભેદની ચિનગારી ચાંપે છે આરક્ષણ!
ભણેલાઓ ને જ ફાયદો આપે છે આરક્ષણ!
પિલાય છે પીડિતો, પોતાના ય પૂછતા નથી -
નેતાઓ મતબેંક માટે જાપે છે આરક્ષણ!
('મત'નું રાજકારણ-અનામત)

ઢોળવું સૌને -
પીવું નથી કોઇને -
સંસદ ઠપ્પ!
(રાજકીય દાવપેચ)

ઉડે અદ્ધર!
અડકે ના કાયદા -
'ધર્મ' રથને..
('ધર્મરાજ'- અમિત શાહ)




## ચિંતન

***આશા તજિ માયા તજૈ, મોહ તજે અરુ માન ।***
***હરખ શોક નિંદા તજૈ, કહે કબીર સંત જાન ॥***

'કબીરજી કહે છે જે આશાઓ, અપેક્ષાઓ, ઇચ્છા વાસનાઓ, અને ધન-સમૃદ્ધિ-પરિવાર સંબંધોની માયા, નો ત્યાગ કરે છે, મોહ, સત્તા-સ્નેહ-પદ અને મન-સન્માન-કીર્તિનો મોહ, નો જે ત્યાગ કરે છે, જેને હરખ-શોખ, પ્રશંસા-નિંદા, છોડ્યાં છે અને એ બંને દ્વંદ્વમાં જે તટસ્થ જ રહે છે એના જનને જ તું 'સંત' જાણ.'

સંત ત્યાગ કરે છે. કબીરજી કહે છે. આશા-માયા મોહ હર્ષ-શોખ, માન-અપમાન, પ્રશંસા-નિંદા, નો જે ત્યાગ કરી એમાં તટસ્થ રહી વિવેક સાચવી શકે એ જ સંત છે.

ગીતાજીમાં ભગવાન શ્રી કૃષ્ણે સ્થિતપ્રજ્ઞના લક્ષણો ગણાવતાં આ જ વાતો કહી છે. આશા અને માયાનો સીધો સંબંધ છે. આશાનું બીજ માયાના આવરણમાં જ પાગરે છે પુત્ર થાય, મોટો થાય, પરણે, એને ત્યાં પણ પારણું બંધાય આ બધી આશાઓ માયા-મોહના આવરણ નીચે જ પાંગરે છે.

નરસિંહ મહેતાએ પણ સુખ-દુઃખ મનમાં ન આણીએ માત્ર સાક્ષી ભાવે કર્તવ્ય-ફરજ બજાવી ઇશ્વર ભજનમાં તલ્લીન રહેવું. સંત તુલસીદાસજીએ પણ રામાયણમાં રામના મુખે સંતના લક્ષણ કહ્યાં છે (અરણ્યકાંડ-૪૪/૩ થી ૪૫/૪) 'નિજ ગુન શ્રવણ સુનત સકુચાહી પર ગુન સુનત અધિક હરખાહી સમ સીનલ નહીં ત્યાગ નીતિ, સરલ સુભાઉ સબહિ સન પ્રીતી । દંભ-માન-મદ કરહિ ન કાઉ ભૂલિ ન દેહિ કુમારગ પાઉ ।' વગેરે..

## સુવિચાર

- આવનાર પહેલી તક કે અવસર ને છોડો નહીં, કારણ કે બીજી વખત આવનાર તક હંમેશા પહેલાં કરતાં મુશ્કેલ અને શરતોને આધીન હશે - ***જ્ઞાનસૂત્ર***
- જીવનમાં આપણે સૌથી મોટો ભ્રમ એ હોય છે કે, 'આપણે એવું માનીએ છીએ કે આવતીકાલે આજ કરતા વધુ સમય હશે' - ***ઇટાલીયન કહેવત***
- આપણે જયારે નાના હતા ત્યારે ઓછું હસતાં હતા, પરંતુ આપણા હૃદયમાં અપાર ખુશી હતી, હવે આપણે મોટા થઇ, ત્યારે આપણે અંતરમાં અપાર દુઃખને છુપાવવા હસવાનું શીખી ગયાં છીએ - ***રજનીશ***
- આદર્શ પતિ-પત્ની બનવા કરતાં પસંદગી યુક્ત પ્રમી જેવું સહજીવન લગ્નજીવનમાં સતત સુવાસ લાવે છે - ***હંસલ ભચેચ***
- મા-બાપનું જીવન એ બાળકે જોયેલું સૌ પ્રથમ લગ્ન-જીવન છે અને તેની છાપ પોતે પેરેન્ટસ બન્યા પછી પણ ચાલું રહેતી હોય છે - ***ફાધર વર્ગીસ***
- પરસ્પર વિશ્વાસને પણ શ્વાસ લેવાની જરૂર હોય છે - ***જનકલ્યાણ***
- જયારે તમારો સમય સારો હોય ત્યારે તમારી ભૂલ પણ રમતમાં લેવામાં આવે છે, અને જયારે તમારો સમય સારો નથી હોતો ત્યારે તમારી રમત પણ ભૂલ તરીકે જોવામાં આવે છે - ***માનસસૂત્ર***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આપણી શ્રદ્ધા-વિશ્વાસને આપણી અનુકૂળતાના બૂરખા પહેરાવી આપણા સ્વાર્થ અને લુચ્ચાઇને છુપાવી દઇએ છીએ. કથામાં બેઠા હોઇએ તો એમ કહીએ-ભાગ્યશાળીને જ આવો લાભ મળે! ન ગયા હોય તો 'મન ચંગા તો કથરોટમેં ગંગા' કહી બચાવ કરીએ!!

એકવાર મુલ્લાં છત્રી લઇ ફરવા નીકળ્યા. સાથે મિત્ર હતો. હુસેન, પણ એની પાસે છત્રી ન હતી! થોડીવારમાં જ વરસાદ ત્રાટકો. મુલ્લાં નસરૂદ્દીને તો છત્રી ખોલી પણ હુસેન છાપરું શોધવા દોડ્યો. ત્યારે મુલ્લાં કહે હુસેન, બારિસ તો ખૂદાની રહેમત કહેવાય એના નૂરમાં તો ભિંજાઇ જવું જ મુનાસિબ છે. આમ દોડીને નાશી ન જવાય! હુસેન બિચારો ભિંજાયો.

એક સપ્તાહ પછી ફરી બંને ફરવા નીકળ્યા. આજે હુસેન પાસે છત્રી હતી અને મિયાં ખાલી હાથ હતા, અને ઉઘાડે પગે પણ..

.. ત્યાં વરસાદ ત્રાટક્યો. મિંયા મુઠ્ઠીવાળીને છાપરું શોધવા દોડ્યા. હુસેન કહે મિંયા-વરસાદ તો ખૂદાનું નૂર છે એમ તમે જ કહેતા હતા. આજે ભિંજાઇ જવાની બીક દોડ્યા કેમ?

મિંયા તે શરમ-સંકોચ વિના જવાબ દીધો-ખૂદાની રહેમત તો ખરી જ પણ એને પગ નીચે કચડાય તો નહીં ને?!

Email - sureshchandrabhatt18@gmail.com

# એ બનાવે મને એવો મહાન બોધ પાઠ આપ્યો કે - મારે કોઇને પણ તિરસ્કાર ન કરવો જોઇએ, સૌને પ્રભુના જ બાળકો માનવા જોઇએ : વિવેકાનંદ

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

***સમાચાર સેતુ***

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાનાં સંયુક્ત ઉપક્રમે ગુજરાતી ભાષા સાહિત્યના વિવિધ વિષયો ઉપર યોજાનાર સાહિત્યિક પરિસંવાદમાં તા.૯-૨-૨૦૧૪, રવિવારના રોજ, બ્રહ્મભવન, વિદ્યા લાઇબ્રેરીની બાજુમાં, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને ભાવભીનું આમંત્રણ છે.

● ***કાર્યક્રમની રૂપરેખા***

સવારે ૧૦થી ૧૦-૩૦ : રજીસ્ટ્રેશન, અલ્પાહાર, ચા-કૉફી

● પ્રથમ બેઠક

સવારે ૧૦-૩૦થી ૧૧-૩૦ : સંસ્થા પરિચય અને સ્વાગત પ્રવચન - નટવર હેડાઉ

મહેમાનનું સ્વાગત

સવારે ૧૧-૩૦થી ૧૨-૩૦ : વક્તા : સુશ્રી હેમાંગીની ઘુઘરાવાલા

વિષય - સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસનો પ્રભાવ.

● આભારવિધિ

સુમંતભાઈ શાહ

● બપોરે ૧૨-૩૦થી ૧-૩૦ ભોજન - વિરામ.

● બીજી બેઠક

(૧) બપોરે ૧-૩૦થી ૨-૩૦ : વક્તા - ડૉ. બળવંત જાની

વિષય : જનજીવન પર લોકસાહિત્યનો પ્રભાવ

(૨) સાંજના ૨-૩૦થી ૩-૩૦ : વક્તા ડૉ. વી.એસ. ગઢવી

વિષય : મનુભાઈ પંચોલી 'દર્શક'નું સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે પ્રદાન.

(૩) સાંજના ૩-૩૦થી ૪-૩૦

કાવ્ય અને લઘુકથા પઠન, વક્તા : વિવિધ કવિશ્રીઓ તથા લેખકો

● આભારવિધિ : મૂળજીભાઈ પરમાર 'દધિ'

● સંચાલન : ભરતકવિ ઉર્મિલ

નોંધ : ● કાર્યક્રમ સમયસર શરૂ થઈ, સમયસર પૂર્ણ થશે.

● કાયક્રમમાં ઉપસ્થિત રહેનાર સભ્યશ્રીઓને જ કીટ આપવામાં આવશે

● ભોજનની વ્યવસ્થા અંગે અગાઉથી આપની ઉપસ્થિતિની જાણ કરશો.

નટવર હેડાઉ (મો. ૯૮૨૮૪૧૭૪૦૬)

***નિબંધ સેતુ***

***સ્વામિ વિવેકાનંદનો શુદ્ર પ્રેમ***

એક વાર સ્વામિ વિવેકાનંદ વૃંદાવન જઇ રહ્યા હતા. રસ્તામાં તેમણે એક માણસને ચલમ પીતો જોતો. સ્વામિ વિવેકાનંદજીને ચલમ પીવાની ઈચ્છા થઈ. વિવેકાનંદજી એ ચલમ માંગી. પેલા માણસે કહ્યું, કે હું પોતે શુદ્ર છું એટલે સ્વામિને થયું કે એની ચલમ કેમ પીવાય? વિવેકાનંદે સન્યાસ તો લીધેલો હતો. પણ હજી મનમાં ઊંડે ઊંડે ગૃહસ્થ જીવનના નાતજાતના ભેદના સંસ્કારો પડેલા હતા. એટલે એ શુદ્ર પાસેથી ચલમ લઈને પીતા અચકાયા. પણ થોડીવારે એમને વિચાર આવ્યો કે પોતે તો સન્યાસી છે. સન્યાસીને વળી માણસ માણસ વચ્ચેનો ભેદ શાનો ? એમણે પેલા માણસના હાથમાંથી ચલમ લઈને લીધી.

આ પ્રસંગ વિશે વાત કરતાં વિવેકાનંદે કહ્યું કે, 'એ બનાવે મને એવો મહાન બોધ પાઠ આપ્યો કે - મારે કોઈને પણ તિરસ્કાર ન કરવો જોઈએ. સૌને પ્રભુના જ બાળકો માનવા જોઈએ.'

વિવેકાનંકના બચપણનો પ્રસંગ છે.

એમના પિતા વ્યવસાયે વકીલ હતા. તેમને ત્યાં ઘણાં અસીલો આવતા. એમાં જુદી જુદી જાતિનાં હિન્દુ, ખ્રિસ્તી, મુસલમાન વિગેરે હોય. તેઓ સૌ હુક્કો પીતા. એટલે પિતા વિશ્વનાથે જુદા જુદા જાતિ ધર્મના અસીલો માટે જુદા જુદા હુક્કા રાખ્યા હતા. એ વખતે વિવેકાનંદ દશ વર્ષનાં હતા. એમણે જોયું કે, દિવાનખાનામાં કોઇ નથી. એટલે એમણે વારા ફરતી બધા હુક્કાં પી જોયા. એટલામાં એક અસીલ આવી પહોંચ્યો. આ દશ્ય જોયું તો તે ખુબ જ ગુસ્સે થઈ ગયા અને બોલ્યા, 'તું જાતિ ધર્મ ભ્રષ્ટ કરી રહ્યો છે.' હુક્કો પીવાથી જાતિ-ધર્મ કેવી રીતે બ્રષ્ટ થાય તે વિવેકાનંદ ને સમજાતું નહોતું. વિવેકાનંદે બચપણમાં જાતિ-ધર્મ અંગે આવા પ્રતિભાવ દર્શાવ્યા હતા. તેઓને મન ઊંચનીચનો કોઈ ભેદ ન હતો... મુસલમાનો સાથે રહીને તેઓ કહેતા : 'હું તો સન્યાસી છું. હું તો ભંગી સાથે પણ જમી લઈશ મને ઈશ્વરનો ડર નથી. મને ઈશ્વરને ટેકો છે.' આમ તેઓ રિત-રિવાજોથી પર હતા.

- ગુલાબચંદ એન. પટેલ

***કાવ્ય સેતુ***

***હું પૂછું...***

હું પૂછું વાત કોને?
એને કે પછી તમને?
થાય છે આવું શીદને?
કળ વળે ના મનને,
કોઈ તો એ જણાવે ને... હું પૂછું...
આવ્યો કયાંથી આતંકવાદ?
ઉઠ્યો શાથી આ ઉગ્રવાદ?
નીકળ્યો આ નકસલવાદ, વાદોનો ઘેરો વિવાદ.
જન રહે કયાં, કહોને હું પૂછું...
ધણ વછૂટ્યાં ધમરોળે,
પહાડે ખૂંદે, રગદોને,
ચિત્તડા સૌનાં ચકડોળે,
સલામતી ના માને ખોળે,
યાદ કરાવે છે જમને... હું પૂછું...
પુષ્પ, કુંકુમ, કેસર, ચંદન
લાખો વિનમ્રતાના જયાં વંદન,
પરમ પ્રભુ પરદુઃક ભંજન
ડૂબ્યાં ડૂસકાં ને ક્રન્દન
છુપાવીએ કયાં ગમ, બોલો ને...
હું પૂછું...
મંદિર પુનિત અભડાવ્યાં.
શોણિત સંસ્કારી વહેવડાવ્યાં,
રમતાં ને રીબાવી રોવડાવ્યા,
કોણે કહેણ આ કહેવડાવ્યાં,
શાને કાજે રોળો અમને, હું પૂછું...
વકરતા વ્રણને વાઢો, કાપી, હણો, હવે તો એ સૌ પાપી,
ગૌરવ ગજથી ગજવું માપી, વિશ્વ શાંતિ સ્થાપી,
જગવો સાન-ભાન-ભાવને... હું પૂછું...

- કુંદનબેન દવે

***મજાની ગજલ***

નથી આવતી એ બધાંને ખબર છે,
છતાં પણ બધાને મજા રાખવી છે.
પૂછો તો કહે છે 'મજામાં - મજામાં',
પણ હજી તો ખરી મજા ચાખવી છે.
બધાને ફરિયાદ કોને કરું હું?
કે બધાને ય મારે મજા આપવી છે.
મજાની એ ફરિયાદ કોને કરું હું?
કે મજાને ય મારે મજા આપવી છે.
નદીને મજા છે, દરિયાને મજા છે,
ઝરણાને તો સૌને મજા આપવી છે.
તમારી મજાતો તમારી અંદર છે?
બોલાવો મજાને તો મજાની જ રીતે,
કહો કે બીજાને મજા આપવી છે.
ગઝલમાં હંમેશા વિષયની મજા છે,
વિષયમાં જ આજે મજા રાખવી છે.

- ડૉ. મુકેશ જોષી

# રાષ્ટ્રપતિ સંસદમાં ભાષણ આપે છે તે કોણ તૈયાર કરે છે?

## વિષય : ભારતનું બંધારણ

(૧) ભારતમાં ચૂંટણી અંગેની સંપૂર્ણ જવાબદારી કોને સોંપવામાં આવી છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) સુપ્રીમ કોર્ટ (ડ) ચૂંટણી કમિશ્નર

(૨) જાન્યુઆરી ૨૦૦૨ માં ઈન્ટરનેટ પર સૌ પ્રથમ હાઈટેક ગ્રામ પંચાયત કયાં બની હતી ?
(અ) ઓખા (બ) માંડવી (ક) ખંભાત (ડ) રાધનપુર

(૩) નીચેનામાંથી કોની નિયુક્તિ રાષ્ટ્રપતિના કરતા નથી?
(અ) વડાપ્રધાન (બ) રાજયના મુખ્યમંત્રી
(ક) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીસ (ડ) રાજયના રાજયપાલ

(૪) ભારતમાં સૌ પ્રથમ મહિલા મુખ્યપ્રધાન બનવાનું બહુમાન કોને મળે છે?
(અ) સરોજીની નાયડુ (બ) ઈન્દિરા ગાંધી
(ક) લીલા નાયડુ (ડ) સુચેતા કૃપલાણી

(૫) રાષ્ટ્રપતિ સંસદમાં ભાષણ આપે છે તે કોણ તૈયાર કરે છે?
(અ) રાષ્ટ્રપતિ કાર્યાલય (બ) ઉપરાષ્ટ્રપતિ
(ક) કેન્દ્રીય મંત્રીમંડળ (ડ) લોકસબા અધ્યક્ષ

(૬) હોદ્દાની રૂએ આયોજન પંચના અધ્યક્ષ કોણ હોય છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) નાણાપ્રધાન (ડ) ઉદ્યોગપ્રધાન

(૭) રાષ્ટ્રપતિને નીચેનામાંથી કયો અધિકાર નથી?
(અ) ફાંસીની સજા માફ કરવી (બ) વટહુકમ બહાર પાડવો
(ક) ગર્વનરને નિમવા (ડ) સર્વોચ્ચ અદાલતનો ન્યાયધીશોને દૂર કરવા.

(૮) ભારતીય બંધારણના બંધારણીય સલાહકાર કોણ હતા?
(અ) જે.બી. કૃપલાણી (બ) ડૉ. આંબેડકર
(ક) બી.એન. રાવ (ડ) કે.એમ. મુનશી

(૯) બંધારણ પાર કરાયું ત્યારે કેટલા આર્ટીકલ અને કેટલી સિડ્યુલ હતા?
(અ) ૩૯૫ આર્ટીકલ અને ૮ સિડ્યુલ
(બ) ૪૦૦ આર્ટીકલ અને ૮ સિડ્યુલ
(ક) ૩૯૫ આર્ટીકલ અને ૧૦ સિડ્યુલ
(ડ) ૨૦૦ આર્ટીકલ અને ૧૦ સિડ્યુલ

(૧૦) ભારતના બંધારણની રચના કયારે થઈ ?
(અ) ૨૬ નવે. ૧૯૫૦ (બ) ૨૬ નવે. ૧૯૪૯
(ક) ૨૬ નવે. ૧૯૪૮ (ડ) ૨૬ નવે. ૧૯૪૭

(૧૧) કેબિનેટ સિસ્ટમ કોના બંધારણમાંથી સ્વીકારી?
(અ) ઈંગ્લેન્ડ (બ) અમેરિકા (ક) ફ્રાન્સ (ડ) જાપાન

(૧૨) બંધારણસભાની રચના માટેની માંગણી સૌ પ્રથમ ૧૯૩૬માં કોંગ્રેસના કયા અધિવેશનમાં કરાઈ હતી?
(અ) મુંબઈ (બ) કરાંચી (ક) હરિપુરા (ડ) ફૈઝપુર

(૧૩) રાજયસભાને કોણ વિસર્જિત કરી શકે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) કોઈ નહીં

(૧૪) બંધારણ વિષે સૌ પ્રથમ કોને વિચાર આવ્યો હતો ?
(અ) ડૉ.આંબેડકર (બ) એચ.એન.રોય
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) ડૉ. રાધાકૃષ્ણન

(૧૫) કલમ ૩૭૦ કયા રાજયને લગતી છે?
(અ) ઝારખંડ (બ) ઉત્તરાંચલ (ક) જમ્મુ કાશ્મીર (ડ) સિક્કિમ




## વિજ્ઞાન વિશેષ : (આ સપ્તાહમાં આવતાં)

***વિશ્વના મહાન વૈજ્ઞાનિકોના જન્મદિવસ***

- ૭ ફેબ્રુ.૧૯૨૬ કોન્સ્ટન્ટીન પેટ્રોવીસ ફેઓસ્કીટોવ રશિયન કોસ્મોનટ અને સ્પેસ એન્જિનીયર
- ૭ ફેબ્રુ.૧૮૯૯ હેન્સ જેની- સ્વિસ એગ્રીકલ્ચર કેમિસ્ટ
- ૭ ફેબ્રુ.૧૮૭૦ એડલ્ફ એડલર - એસ્ટ્રેલિયન ફિજીયેસીસ્ટ
- ૮ ફેબ્રુ.૧૯૦૬ ચેસ્ટર એલ કાર્સન ઝેરોગ્રાફીના શોધક અમેરિકન વૈજ્ઞાનિક
- ૮ ફેબ્રુ.૧૭૭૭ બર્નાડ કોર્ટોઈસ એલીમેન્ટ આયોડીનના શોધક
- ૮ ફેબ્રુ.૧૭૦૦ ડેનિયલ બર્નુલી - સ્વિસ મેથેમેટીકસીયન
- ૯ ફેબ્રુ.૧૯૨૩ નોર્મન ઈ. સમવે (અમેરિકન સર્જન) હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીના ભિષ્મપિતામહ
- ૯ ફેબ્રુ.૧૯૦૨ વોલ્ટર એચ. બ્રટાની - અમેરિકન ભૌતિકશાસ્ત્રી
- ૧૦ ફેબ્રુ.૧૮૯૭ જહોન ફ્રેન્કલીન એન્ડર્સ અમેરિકન માઈક્રોબાયોલોજીસ્ટ વૈજ્ઞાનિક
- ૧૦ ફેબ્રુ.૧૮૮૭ ઈરા રેમન્સન - જાણીતા અમેરિકન કેમિસ્ટ
- ૧૧ ફેબ્રુ.૧૯૧૫ રીચાર્ડ હેમીંગ - અમેરિકન કોમ્પ્યુ.સાયન્ટીસ્ટ
- ૧૧ ફેબ્રુ.૧૮૬૬ ફીત્ઝ હોફમેન - જર્મન કેમિસ્ટ
- ૧૧ ફેબ્રુ.૧૮૪૭ થોમસ એડિસન (અમેરિકન વૈજ્ઞાનિક) વિશ્વમાં સૌથી વધું ૧૦૯૩ જેટલી શોધો કરનાર
- ૧૨ ફેબ્રુ.૧૯૩૬ ચાયનીસ એસ્ટ્રો ફિઝીસ્ટ
- ૧૨ ફેબ્રુ.૧૮૭૩ બર્નુમ બ્રાઉન અમેરિકન પેલીયોન્ટોલીજીસ્ટ
- ૧૨ ફેબ્રુ.૧૮૦૯ ચાર્લ્સ ડાર્વિન અંગ્રેજી જૈવવૈજ્ઞાનિક
- ૧૩ ફેબ્રુ.૧૯૨૩ એલ્ફર્ડ વોલ્ફ અમેરિકન ન્યુક્લિયર અને ઓર્ગેનિક કેમીસ્ટ
- ૧૩ ફેબ્રુ.૧૯૧૦ વિલિયમ શોકલી અમેરિકન ભૌતિકશાસ્ત્રી
- ૧૩ ફેબ્રુ.૧૯૧૭ જહોન હન્ટર સ્કોટીસ સર્જન
- ૧૩ ફેબ્રુ.૧૬૭૨ એસ્ટીને ફ્રેન્કોઈસ જીઓફ્રોય ફ્રેન્ચ કેમિસ્ટ
- ૧૩ ફેબ્રુ.૧૭૪૩ સર જોસેફ બેન્ક જાણીતા ઈંગ્લિશ વનસ્પતિ શાસ્ત્રી

### ● આ સપ્તાહનો સવાલ ●

તાજેતરમાં સચિન તેંડુલકરની સાથે સાથે કયા જાણીતા વૈજ્ઞાનિકને પણ ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો.

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

***ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ***

***બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર***

### સાચા જવાબો

[illegible]

# આ સમાચારો હડકાયા થઇ ગ્યા છે... ભસે... ભસે... પાર વગરનું, ને પાછું ઝડપી... સમજવું હોય તો સમજો, નાસવું હોય તો નાસો, ભાગવું હોય તો ભાગો, આપણી ગાડી સુપર એક્સપ્રેસ, નોનસ્ટોપ- હન્ડ્રેડ

## ધૂપસળી ધૂણાવે આકાશ હડકાયા સમાચારોનો હાંડવો

***(હાસ્ય + કટાક્ષિકા)***

***- ગિરા પિનાકીન ભટ્ટ***

સોબત કરતાં શ્વાનની, બે બાજુનાં દુઃખ,
ખીજવું કરડે પીંડીએ, રિઝ્યું ચાટે મૂખ...

આ સુભાષિતની આપણે સાંભળી જ છે. શ્વાસના લક્ષણોથી કોઇ અજાણ...? તો ચાલો બેસી જાવ ટી.વી. આગળ. જોઇ લ્યો ઝડપની મજા... માણી લીધી હોય તો મજા તો સાંભળો આજે સંભળાવું સજા...

સોબત કરતાં ટી.વી.ની કૈક, પ્રકારનાં દુઃખ
પહેલું દુઃખ મિત્રો તૂટે ને, વધે કુટુંબની ભૂખ
ત્રીજું દુઃખ આંખો દુઃખે, દુઃખે ગરદનને મૂખ
પાંચમું દુઃખ અક્કલ ખૂટે, લજવાયે જનનીની કૂખ
સામતું મહામેદસ્વીતા, વાણી કૌશલ્યમાં ચૂપ
ઘુમાવે નવ અસલિયતને, નકલી દેવને ધૂપ
અગિયાર તૂટ્યાં ઘર-ગામ જેમ, દેડકાં ભરાણાં કૂપ
કૈક યુગે માનવ બન્યા?? ... લ્યો માનવ હૂપાહૂપ

બોલો... શું શીખ્યા? ટી.વી. જોઇને... ઇન્ટરવ્યુ એક દીકરીનું...

- સાસુને સારી રીતે શણગારવી... બહુરૂપી જેવી.

- ઘરમાં અલંકારો ઠઠારી ફરવું (નકલી કે અસરી?) પસંદગી સહુ સહુની.

- સાસુ, જેઠાણી, નણંદને સામે જ ચોપડાવી દેવું.

- બીજું બધું તો ઠીક પણ.... આંખોનાં ઉલાળાને આંખોની ભાષા શીખવે તે કાબિલેદાદ!

- કેકનું ડેકોરેશન... ઉત્તમ કક્ષાનું ... (પૂછશો નહીં કે... પહેલાં કેક બનાવતાં આવડે છે કે કેમ?)

- મોડલ બનવાનું, ફેશન પરેડ અને કેટવોકમાં તો માસ્ટરી મેળવી શકાય.

બીજુ ંકંઇ...?

લ્યો... આટલું ઓછું છે...? અમારા માટે તો... આજ દુનિયા છે. એક નાના છોકરાનું ઇન્ટરવ્યુ પણ... ભેગાભેગી. ભોગ લાગ્યા નહીં? પણ... આ... એક સાચું કહું, બિચારા શરમાઇ ગ્યા વડલાઓ... વડવાઇઓની આથમી ગઇ વડાઇ... આ ચેનલો, બાપ રે... કુંભવેલ પણ શરમાઇ ગઇ છે સાચ્ચે જ.

- ભાઇ... ટી.વી.માં જોવાનું શું?

- ઓહ! કાર્ટૂન... કાર્ટૂન... ઢીશુમ... ઢીશુમ... પોગો...

- પછી... મમ્મી જોતી હોય એટલી બધી ટી.વી. સિરિયલો...

- મોટો થઇને શું બનીશ...?

સૂડી વચ્ચે સોપારી, (સિરીયલોના પ્રતાપે જ સો!)

આ છે મહામારી ટી.વી. ની હવે... આપને હું લઇ જવા માગુ છું સમાચારોની ચેલનો ભણી...

સવારના છ થી રાતના બાર સુથી (ચવાઇ ગયેલું ચોવીસે કલાક સુપરફાસ્ટ)

સિડી વિનાના સડસડાટ સમાચાર... ઉતરવા - ચઢવા માટેની ઇલેક્ટ્રીક સીડી જેવી.

એક મિનિટમાં પચાસ સમાચાર

બે મિનિટમાં સો સમાચાર

પછી... પછી... તો ચર્ચા, ચોવટ, ચૌદશ... બાકી... ઝડપી બોલી જાણે એ જીતે... એ કમાય, એને જ સમાચારમાં આગળ ધકેલાય... ને પેલા સાંભળનારાઓ... ધીમે, સમજીને સાંભળવા ગ્યા તો મર્યા સમજો... ડોબા જેવા... તું એક સમાચાર માંડ સમજે ત્યાં દસ આગળ નીકળી ગ્યા હોય... આ સમાચારો હડકાયા થઇ ગ્યા છે... ભસે... ભસે... પાર વગરનું, ને પાછું ઝડપી... સમજવું હોય તો સમજો, નાસવું હોય તો નાસો, ભાગવું હોય તો ભાગો, આપણી ગાડી સુપર એક્સપ્રેસ, નોનસ્ટોપ- હટ્રેડ.

- કેજરીવાલ ને એફ.આર.ઇ.ને પુનામાં આગ.

- રેલ્વે અકસ્માતને ... સુવર્ણ ચંદ્રક

- લાલુના ઘાસચારામાં સોમ દુનિયા ફીદા.

- જયલલીતાની... ઝીરો ફિગરને એનું રાઝ...

માંહ્યો માંહ્ય સમાચારો પેસે, બેસે કે ઉઠબેસ કરે... એક સમજી ન શકીએ ત્યાં અગિયાર... ને પાછો આવી જાય બાર મિનિટનો બ્રેક...

બોલો... બોલાવો... બ્રેક મહારાજની જય...
હડકાયા સમાચારની જય...
સમજી ગયા... શ્વાનનો લક્ષણો..?
એનાથી બચવા સહુ પ્રાર્થના કરે છે...
- કોઇ બચાવો... દેશને ભ્રષ્ટાચારમાંથી...
- કોઇ છોડાવો... દેશને આતંકવાદીઓથી...
- કોઇ ભૂલાવો ખો... આ હડકાયા સમાચારથી...
સમાચાર જોઇએ છીએ કે... જીભની રેસ ?
સમાચાર જોઇએ છીએ કે... જાહેરખબરોની ભરમાર
સમાચાર છે કે નટીઓનાં અંગપ્રદર્શન... ને નખરાં...?
સમાચાર છે કે રાશિ પંચાગ, લકી નંગ, રંગ ને દિન.

આ બાબતે... કોઇ અજ્ઞાની કોઇ કેજરીવાલની રાહ જોઇશું. ત્યાં સુધી તો... બાપુની....? બોલબાલા...

ભરડાઇ ગયું જવ, ઘઉં, ચણા, મગ ને મકાઇ બધું ય.. હડકાયા સમાચારનો હવે કરી નાખો હાંડવો... ભારત માતા કી... જય.